# આજ મંગળ મંદિર દ્વાર ખૂલ્યાં

## પૂ. બહેનશ્રીના સમ્યક્ત્વ જયંતી પ્રસંગની ભક્તિ

[પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને વિ.સં. ૧૯૮૯ (ઈ.સ. ૧૯૩૩)માં ૧૮ વર્ષની વયે વાંકાનેરમાં ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ હતી. તેમની સમ્યક્ત્વ પ્રાપ્તિની મહિમા સૂચવતું આ સ્તુતિગાન પંડિત શ્રી હિંમતભાઈએ સમ્યક્ત્વજયંતી પ્રસંગને અનુલક્ષીને વિ.સં. ૨૦૪૪ (ઈ.સ. ૧૯૮૮)માં રચ્યું હતું.]

આજ મંગળ મંદિર દ્વાર ખૂલ્યાં, મંગળ દ્વાર ખૂલ્યાં રે;
સ્વાનુભૂતિના સ્વાદ આજ ચાખ્યા, મંગળ દ્વાર ખૂલ્યાં રે.
હીરા-મોતી-રત્નથી વધાવું ભગવતી માત,
પરમ સુભાગ્યે પધારિયાં, આજ આનંદ અતિ ઊભરાય રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૧)
ઓગણીસ વર્ષે ઉલ્લસી, આત્મલગન દિનરાત,
વાત ગમે નહિ વિશ્વની, પ્રભુ પામ્યે જ હોય નિરાંત રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૨)
ભાળ્યા નિજ ભગવાનને, ચેતનઘન અવિકાર,
આનંદસાગર ઊછળ્યા, અહો ભવભ્રમણ નિસ્તાર રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૩)
જ્ઞાયકબાગ મહીં રમો, કરો ચિદામૃતપાન,
અપ્રતિહત સાધકદશા, ઝટ બોલાવે કેવળજ્ઞાન રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૪)
મતિ-શ્રુત ઉદધિ ઊછળ્યા, તુજ હૃદયે જગમાત,
સીમંધર-કુંદકુંદની તમે લાવ્યાં અલૌકિક વાત રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૫)
શીઘ્ર શીઘ્ર અવિકલ્પતા, ધ્રુવ ધામે ધરી નેહ;
સવિકલ્પે સંભારતાં—આ ભરત છે કે વિદેહ રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૬)

અનુભવભીની સ્પષ્ટ છે તલસ્પર્શી તુજ વાણ,
‘વચનામૃત’ના પાનમાં ડોલ્યું આખુંય હિન્દુસ્તાન રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૭)
અમૃતમીઠી છાંયડી, તારી અતિ સુખકાર;
ધર્મરત્ન ગુણમૂર્તિ છો, છો ઉપશમરસ-અવતાર રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૮)
ઝાઝું શું કહું મા તને, દ્યો દાનેશ્વરી! દાન,
શિવપુર સાથે રાખજો—એ પૂરો અંતર અરમાન રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૯)